RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 19 * Date: 07.11.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ઉત્તર પ્રદેશના સીતાપુરમાં ભયાનક અકસ્માત, ટ્રકે ટક્કર મારતાં ટ્રેક્ટર-ટ્રોલી પલટી, ૫ મહિલાઓના મોત



ઉત્તર પ્રદેશના સીતાપુરમાં ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૫ મહિલાઓના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે ૧૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. બાબરી સંસ્કાર કરાવીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી ટ્રેક્ટર-ટ્રોલીને પાછળથી પૂરપાટ ટ્રકે ટક્કર મારતા આ દુર્ઘટના સર્જાઈ હતી. પિસાવાં પોલીસ સ્ટેશન હેઠળના હિમ્મતનગર વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ પોલીસે રાહત-બચાવ કામગીરી હાથ ધરી હતી.

ઉત્તર પ્રદેશના સીતાપુરમાં શુક્રવારે સર્જાયેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૫ મહિલાઓના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે અન્ય ૧૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટના ત્યારે બની જ્યારે બાબરી સંસ્કાર કરાવીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી ટ્રેક્ટર-ટ્રોલીને પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રેક્ટર-ટ્રોલી રોડ પર ઊંધી વળી ગઈ હતી અને તેમાં સવાર લોકો નીચે દબાઈ ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે ભારે ચીસાચીસ અને નાસભાગ મચી ગઈ હતી.

સમગ્ર મામલો સીતાપુર જિલ્લાના પિસાવાં પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના હિમ્મતનગર વિસ્તારનો છે. મળતી વિગતો અનુસાર, હરદોઈ તરફથી બાબરી કરાવીને લોકોનો એક સમૂહ ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર થઈને પોતાના ઘરે પાછો ફરી રહ્યો હતો. આ દરમિયાન પાછળથી આવેલા બેકાબૂ ટ્રકે ટ્રોલીને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માતના કારણે ટ્રોલી પલટી જતાં તેમાં સવાર તમામ લોકો નીચે ફસાઈ ગયા હતા, જેના લીધે ૫ મહિલાઓના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા અને ૧૭ લોકો ઘાયલ થયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રની ટીમો તરત જ ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિક લોકોની મદદથી નીચે દબાયેલા લોકોને બહાર કાઢીને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા તમામ ઈજાગ્રસ્તોને સમયસર અને યોગ્ય તબીબી સારવાર મળી રહે તે માટે ઝડપી વ્યવસ્થા હાથ ધરવામાં આવી હતી.

અકસ્માતની ગંભીરતાને જોતાં જિલ્લા મેજિસ્ટ્રેટ (ડ્ઢસ્) રાજા ગણપતિ અર અને જિલ્લા પોલીસ વડા (જીઁ) અંકુર અગ્રવાલ તાબડતોબ હોસ્પિટલ પહોંચ્યા હતા. બંને વરિષ્ઠ અધિકારીઓએ દર્દીઓની સ્થિતિની સમીક્ષા કરી હતી તેમજ ગંભીર ઈજાગ્રસ્તોને જિલ્લા હોસ્પિટલ ખસેડી ઉત્તમ તબીબી સુવિધા પૂરી પાડવા ડોક્ટરોને જરૂરી સૂચનાઓ આપી હતી.આ કરુણ અકસ્માતમાં ૫ મહિલાઓના અકાળે અવસાનથી મૃતકોના પરિવારોમાં આક્રંદ છવાઈ ગયો છે અને સમગ્ર વિસ્તારમાં ગમગીની વ્યાપી ગઈ છે. હાલમાં તમામ ૧૭ ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યાં તેમની સ્થિતિ પર તબીબો નજર રાખી રહ્યા છે.

સુરત પાલિકાની ભરતી પરીક્ષાનું પરિણામ જાહેરઃ ટેકનિકલ આસિસ્ટન્ટ, સુપરવાઇઝર સહિતની ૨૪૯ જગ્યા માટે ૧૧,૬૫૦ ઉમેદવારોએ આપી હતી એક્ઝામ



સુરત પાલિકા દ્વારા ૭ સંવર્ગની ૨૪૯ જગ્યાઓ માટે લેવાયેલી લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. ૧૧,૬૫૦ ઉમેદવારોની આતુરતાનો અંત આવ્યો છે. વેબસાઈટ પર પરિણામ મૂકાતા સફળ ઉમેદવારોમાં ખુશીનો માહોલ છવાયો હતો, જ્યારે વંચિત રહેલા ઉમેદવારોમાં નિરાશા જોવા મળી હતી. સરકારી નોકરી મેળવવાની આશા રાખતા ઉમેદવારો માટે આ પરિણામ મહત્ત્વનું બન્યું છે.

સુરત પાલિકામાં સરકારી નોકરી મેળવવાની આશા સાથે લેખિત પરીક્ષા આપનારા ૧૧,૬૫૦ ઉમેદવારોની આતુરતાનો અંત આવ્યો છે. પાલિકા દ્વારા સાત અલગ-અલગ સંવર્ગની ૨૪૯ જગ્યાઓ માટે લેવાયેલી લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. વેબસાઈટ પર પરિણામ મૂકાતાં સફળ ઉમેદવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, જ્યારે પસંદગીથી વંચિત રહેનારાઓમાં નિરાશા છવાઈ હતી.

સુરત પાલિકા દ્વારા વિવિધ સંવર્ગમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે હાથ ધરાયેલી ભરતી પ્રક્રિયાના ભાગરૂપે સાત અલગ-અલગ કેડરની કુલ ૨૪૯ જગ્યાઓ માટે લેવાયેલી લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. પાલિકાની વેબસાઈટ પર પરિણામ જાહેર થતાં જ પરીક્ષા આપનારા ઉમેદવારોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. લાંબા સમયથી સરકારી નોકરી મેળવવાની આશા રાખીને તૈયારી કરતા ઉમેદવારો માટે પરિણામ મહત્ત્વનું બન્યું છે.

જાહેર થયેલી વિગતો મુજબ સાત સંવર્ગની કુલ ૨૪૯ જગ્યાઓ માટે ૨૧,૫૬૬ ઉમેદવારોએ અરજી કરી હતી. જો કે, તે પૈકી ૧૧,૬૫૦ ઉમેદવારો જ લેખિત પરીક્ષામાં હાજર રહ્યા હતા. આમ, અરજી કરનારા ઉમેદવારોમાંથી આશરે ૫૪ ટકા ઉમેદવારોએ જ પરીક્ષા આપી હતી.

સંવર્ગ પ્રમાણે જોઈએ તો ટેકનિકલ ઓફિસરની ચાર જગ્યા માટે ૧,૪૮૩ અરજીઓ સામે ૭૪૨ ઉમેદવારો પરીક્ષામાં હાજર રહ્યા હતા. લેબોરેટરી ટેકનિશિયન ૪૦ જગ્યા માટે ૪,૬૪૬ અરજીઓમાંથી ૨,૮૭૯ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. સુપરવાઈઝર (કોમ્પ્યુટર)ની ૧૨ જગ્યા માટે ૨,૫૮૪ અરજીઓ સામે ૧,૬૩૯ ઉમેદવારો હાજર રહ્યા હતા.

તેવી જ રીતે જુનિયર એનાલિસ્ટ સાત જગ્યા માટે ૧,૨૪૨ માંથી ૬૯૦, જુનિયર ફાર્માસિસ્ટ ૭૦ જગ્યા માટે ૩,૭૮૦માંથી ૨,૦૮૪ અને આસિસ્ટન્ટ ઓડિટરની ચાર જગ્યા માટે ૩૭૯માંથી ૨૩૪ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા. ટેકનિકલ આસિસ્ટન્ટની ૧૧૨ જગ્યાઓ માટે સૌથી વધુ ૭,૪૫૨ ઉમેદવારોએ અરજી કરી હતી, જેમાંથી ૩,૩૮૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આ સાથે પાલિકાની ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા તરફ ઉમેદવારોની નજર છે.



ફટાકડા બજારમાં એક લટાર : બાળકો માટે પિઝા, કોલ્ડડ્રિંક્સ, પતંગિયા, મોર, કાર્ટુન પાત્રોની વેરાયટી : ગ્રીન ફટાકડાથી પદુષણ ઓછું ફેલાય છે




અમદાવાદઃ શહેરના દિલ્હી દરવાજા, રાયપુર, માણેકચોક, ત્રણ દરવાજા બાપુનગર, ઈસનપુર, મણિનગર, નિકોલ, સાબરમતી, નવરંગપુરા, બોપલ ઈસ્કોન સહિત કેટલાક પરંપરાગત બજારોના માર્ગો પર પાથરણાં બજાર, લારીઓ, દુકાનોમાં જથ્થાબંધ અને છુટક ફટાકડા મળતાં. હવે પૂર્વ અને પશ્ચિમ અમદાવાદમાં વસતી વધતાં સ્થાનિક બજારોમાં સિઝનેબલ ધંધાઓની તમામ ચીજવસ્તુઓના મળી રહે છે.વિવિધ વેરાયટીઓ સાથે ખુલ્લા પ્લોટોમાં મંડપો સાથે ફટાકડાના બજાર ખુલ્યા છે. હવે અઢળક દુકાન ધારકો બારેમાસ લાયસન્સ સાથે ફટાકડાની વિવિધ વેરાયટી વેચતા થઇ ગયા છે.આ વર્ષે ફટાકડા બજારમાં બાળકો માટેના અવનવા ફેન્સી ફટાકડાથી લઈને મોટા આકાશ અને જમીન પર ફૂટતાં મલ્ટી-શોટ, સ્કાય શોટમાં પણ વિવિધતા જોવા મળી રહી છે. ખૂબ જ વ્યાજબી ભાવે મળી રહે છે.શહેરના સાબરમતી વિસ્તારમાં વર્ષોથી સીઝનેબલ વેપાર કરતા રાજુભાઈ ભાવસારે જણાવ્યુકે બાળકો સાથે મોટા લોકોને પણ ફટાકડાની વેરાયટીમાં મજા પડે છે. તારા મંડળ, કોઠી, ચકરડી, દોરી, સાપોલિયા કરતાં કંઈક અલગ જ વેરાયટીની ડિમાન્ડ વધતી જાય છે. એમાંય કેટલાક લોકોને કલરફૂલ ફટાકડા ગમે, કેટલાકને અવાજ વગરના તો કેટલાકને અવાજ સાથે રંગો ઉડે એમાં મજા આવે. આ વર્ષે ઇકોફ્રેન્ડલી ફટાકડામાં પણ વિવિધતા જોવા મળે છે. જેમાં પતંગિયા જેવા આકારના ફટાકડા આવ્યા છે. આ સાથે મોરની ડિઝાઇના સાથેના ફટાકડા ઉપલબ્ધ છે. જ્યારે અસલ પિઝાનું પેકેટ, કોલ્ડડ્રિંક્સ અને તડબુચ જેવા આકારમાં પણ ફટાકડા આવી ગયા છે. દરેક તહેવારોમાં બાળકોના પ્રિય કાર્ટુન પાત્રો એવા ડોરેમોન પોકેમોન સ્પાઇડરમેન તો ખરાજ.એક તરફ ફટાકડાથી થતા વાયુ અને ધ્વનિ પ્રદૂષણથી લોકો પરેશાન હોય છે. પરંતુ નિયમો અને બાંધછોડ વચ્ચે ફટાકડા ફોડી લોકો આનંદ લેતા હોય છે. ‘ગ્રીન ફટાકડા’ની શોધ થવાથી પદુષણ ઓછું ફેલાય છે અંધકારમાં ઉજાસ સાથે ઉજવણીના આ તહેવારમાં અવાજની માત્રા અને પ્રદુષણના પ્રમાણને કેક કરી લોકો કેકર્સનો આનંદ લેવાનું ચુકતા નથી -વસંત મહેતા (દાદુ)

તંત્રી લેખ

ધનતેરસે સોના-ચાંદીમાં અચાનક મોટો કડાકો, ચાંદી ?૩,૪૪૦ અને સોનું ૧,૯૯૪ ગગડ્યું

ધનતેરસના દિવસે જ સ્ઝઠ પર સોના-ચાંદીમાં મોટો કડાકો જોવા મળ્યો છે. નફારૂપી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય સંકેતોને કારણે શુક્રવારે બજાર ખુલતાની સાથે જ ચાંદી ?૩,૪૪૦ અને સોનું ?૧,૯૯૪ ગગડ્યું હતું. આ તીવ્ર ઘટાડાથી રોકાણકારોમાં ખળભળાટ મચી ગયો છે. વૈશ્વિક બજારમાં ડોલરની સ્થિતિ અને પ્રોફિટ બુકિંગને કારણે આ નરમાઈ જોવા મળી રહી છે.

છેલ્લા કેટલાક દિવસોથી કિંમતી ધાતુઓમાં જોવા મળી રહેલી સતત તેજી બાદ આજે શુક્રવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (સ્ઝઠ) ખાતે અચાનક તીવ્ર કડાકો નોંધાયો છે. ધનતેરસના દિવસે જ નફારૂપી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય સંકેતો વચ્ચે બજાર ખુલતાની સાથે જ સોના અને ચાંદીના ભાવ ગગડી જતાં રચાંદીના વાયદા બજારની વિગતો જોઈએ તો, ગુરુવારનું જૂનું ક્લોઝિંગ (ાિદ્ર. ઝર્ઙ્કજી) ?૧,૮૭,૧૪૦ પર રહ્યું હતું. આજે શુક્રવારે બજાર ખુલતાં ચાંદી ?૧,૮૫,૪૯૯ ની સપાટીએ ઓપન (ીહ) થઈ હતી અને આ જ સ્તર તેનો દિવસનો હાઈ (ઉૅંચ્ચર) પણ રહ્યો હતો. જોકે, ખુલ્લા બજારે અચાનક જ જોરદાર વેચવાલીનું દબાણ આવતાં ચાંદી ગગડીને પ્રતિ કિલોએ ?૧,૮૩,૭૦૦ ની નીચલી સપાટી (ર્ન્ન) એ પહોંચી ગઈ હતી. આમ, ગુરુવારના ક્લોઝિંગ ભાવ સામે ચાંદીમાં એકઝાટકે ?૩,૪૪૦ નો મોટો કડાકો બોલાઈ ગયો છે.





લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ અને બ્લાઈન્ડ ફેન્ડ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે×દિવાળી પર્વ નિમિત્તે પ્રજ્ઞા ચક્ષુ પરિવારજનોને નમકીન, મીઠાઈ આપવાનો તથા ભોજન કરાવવાનો સેવા કાર્યક્રમ×તારીખ ૫ નવેમ્બર ૨૦૨૬,ગુરુવાર સાંજે ૫ થી ૭-૩૦ દરમ્યાનસ્થળ:- સદવિચાર પરિવાર,સેટેલાઈટ,અમદાવાદ ખાતે ઉજવવામાં આવ્યો. અતિથિ વિશેષ:- લાયન દીપક શાહ, દ્વિતીય વાઈસ ડીસ્ટ્રીકટ ગવર્નર વિશિષ્ટ અતિથિ:- લાયન વર્ષા શાહ,ડિસ્ટ્રિક્ટ ચેર પર્સન ફૂડ ફોર હંગર અને જે. ટી પંચાલ,ડિસ્ટ્રિક્ટ ચેર પર્સન વિઝન,માનનીય શ્રી કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર નારણપુરા,તથા મોટી સંખ્યામાં લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલના સદસ્યો હાજર રહ્યા હતા. ઉપરોક્ત સેવા કાર્યક્રમના સર્વે દાતાશ્રીઓને અભિનંદન અને આ કાર્યક્રમમાં હાજર રહેવા બદલ તેમનો ખુબ ખુબ આભાર. લાયન ખુશ્બુ શાહ (પ્રમુખ) લાયન જીતેન્દ્ર જયંત (સેક્રેટરી) લાયન અશ્વિન શાહ (ટ્રેઝર૨) સેવા કાર્યક્રમના કોઓર્ડીનેટર લાયન ગિરીશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

એટલાન્ટા સ્થિત ભારતીય કોન્સ્યુલેટ જનરલના પ્રાંગણમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાનું અનાવરણ: ફોગા યુએસએ ની ઐતિહાસિક પહેલ







ફોગા યુએસએ ના પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલની દૂરંદેશી અને નેતૃત્વને ફોગા યુએસએ ની એક્ઝિક્યુટિવ કમિટી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, જ્યોર્જિયા ટીમ તથા એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલના સહયોગથી સાકાર કરવામાં આવ્યું.

એટલાન્ટા, જ્યોર્જિયા ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬

ભારતીય-અમેરિકન સમુદાય માટે ગૌરવ અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી એક વિશિષ્ટ ઘટના તરીકે, ભારતના લોખંડી પુરુષ અને ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય સ્વતંત્ર પ્રતિમાનું અનાવરણ ૩૧, ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેમની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલના મુખ્ય પ્રાંગણમાં કરવામાં આવ્યું.

આ ઐતિહાસિક પ્રસંગે ભારતના માનનીય વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરજીના હસ્તે પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમેરિકામાં ભારતના માનનીય રાજદૂત શ્રી વિનય મોહન ક્વાત્રા, એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલ જનરલ ડૉ. સુમિત સેઠ, અમેરિકાના વિવિધ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતા આશરે પાંચ કોન્સ્યુલ જનરલો, ફોગા યુએસએ ના ઉપપ્રમુખ શ્રી હર્ષદ પટેલ, ફોગા યુએસએ ના અલાબામા પ્રતિનિધિ શ્રી પરેશ પટેલ તેમજ અનેક મહાનુભાવો, સામાજિક આગેવાનો અને ભારતીય-અમેરિકન સમુદાયના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અમારી જાણકારી મુજબ, ભારતની બહાર વિશ્વમાં કોઈ ભારતીય સરકારી રાજદ્વારી મિશનના પ્રાંગણમાં સ્થાપિત કરવામાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની આ પ્રથમ સ્વતંત્ર પ્રતિમા હોઈ શકે છે. આથી આ પ્રસંગ માત્ર ગુજરાતી ડાયસ્પોરા માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારતીય-અમેરિકન સમુદાય માટે વિશેષ ગૌરવ અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

ઐતિહાસિક પહેલ પાછળનું વિઝન અને નેતૃત્વ

એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલના પ્રાંગણમાં સરદાર વલ્લભભાઈ પટેલની સ્વતંત્ર પ્રતિમા સ્થાપિત કરવાનો વિચાર ફોગા યુએસએ ના પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને તેમણે આ સમગ્ર પહેલનું નેતૃત્વ કર્યું હતું.

સરદાર પટેલના રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટેના અપ્રતિમ યોગદાનને આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ્ય સન્માન મળે તે હેતુથી ડૉ. પટેલે આ વિચારને વાસ્તવિક સ્વરૂપ આપવાનો સંકલ્પ કર્યો. તેમણે પ્રારંભિક ચર્ચાઓથી લઈને કોન્સ્યુલેટ સમક્ષ પ્રસ્તાવ રજૂ કરવા, જરૂરી સંસ્થાકીય અને આર્થિક સંસાધનો એકત્રિત કરવા તથા માનવબળનું સંકલન કરવા સુધીની જવાબદારી વ્યક્તિગત રીતે સંભાળી હતી.

તેમના આ વિઝનને ફોગા યુએસએ ની એક્ઝિક્યુટિવ કમિટી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો સંપૂર્ણ સહયોગ અને સમર્થન મળ્યું હતું. ખાસ કરીને ડૉ. વાસુદેવ પટેલની જ્યોર્જિયા સ્થિત ફોગા યુએસએ ટીમે આયોજન, સંકલન, લોજિસ્ટિક્સ, પ્રતિમાના નિર્માણ, પરિવહન અને સ્થાપનાની તમામ કામગીરીમાં સતત અને અથાક મહેનત કરી હતી.

પ્રારંભિક વિચારથી લઈને અંતિમ અનાવરણ સુધી, ડૉ. પટેલ અને તેમની જ્યોર્જિયા ટીમે અત્યંત મર્યાદિત સમયમર્યાદામાં અનેક પડકારોનો સામનો કરીને આ કાર્ય પૂર્ણ કર્યું હતું. ફોગા યુએસએ ના રાષ્ટ્રીય નેતૃત્વ, એક્ઝિક્યુટિવ સભ્યો અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સામૂહિક સહયોગથી આ પહેલ એક સફળ સંસ્થાકીય સિદ્ધિ બની હતી.

આ પહેલ ડૉ. વાસુદેવ પટેલના વિઝનથી શરૂ થઈ, તેમની જ્યોર્જિયા ટીમની મહેનતથી આગળ વધી અને ફોગા યુએસએ ના રાષ્ટ્રીય નેતૃત્વના સામૂહિક સમર્થનથી સાકાર થઈ. આ સમગ્ર કાર્ય એ વાતનું ઉત્તમ ઉદાહરણ બન્યું કે જ્યારે નેતૃત્વ, સમર્પણ અને સામૂહિક શક્તિ એક હેતુ માટે એકત્રિત થાય ત્યારે ઐતિહાસિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે.

એક વિચાર, એક સંકલ્પ અને એક સંગઠિત ટીમ — આ જ ફોગા યુએસએ ની સાચી તાકાત છે.

વિચારથી વાસ્તવિકતા સુધી: રાજદ્વારી સહયોગ

એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલમાં સરદાર પટેલની પ્રતિમા સ્થાપિત કરવાનો વિચાર સૌપ્રથમ તત્કાલીન કોન્સ્યુલ જનરલ શ્રી રમેશ બાબુ લક્ષ્મણન સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે આ પ્રસ્તાવને આવકાર્યો હતો.

ત્યારબાદ વર્તમાન કોન્સ્યુલ જનરલ ડૉ. સુમિત સેઠે પણ આ પહેલને પ્રોત્સાહન આપ્યું અને સંસ્થાકીય સહયોગ પૂરો પાડીને તેને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ફોગા યુએસએ એ ભારતમાંથી પ્રતિમાના નિર્માણની વ્યવસ્થા, તેને એટલાન્ટા સુધી પહોંચાડવાની જવાબદારી તથા આ સમગ્ર પ્રોજેક્ટને મર્યાદિત સમયમાં પૂર્ણ કરવા માટે જરૂરી વિવિધ કામગીરીનું સંકલન કરવાની જવાબદારી સ્વીકારી હતી.

ફોગા યુએસએ માટે આ માત્ર એક પ્રતિમા સ્થાપિત કરવાનો પ્રોજેક્ટ નહોતો, પરંતુ ભારતના એવા મહાન રાષ્ટ્રપુરુષને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની તક હતી, જેમણે પોતાની અદમ્ય ઇચ્છાશક્તિ, સાહસ અને અસાધારણ રાજકીય કુશળતાથી ૫૬૦ થી વધુ રજવાડાંઓને એકત્રિત કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું.

છ અઠવાડિયાની અવિરત મહેનત: વિઝનથી સાકાર સુધી

આ સમગ્ર પ્રોજેક્ટમાં સૌથી મોટો પડકાર અત્યંત મર્યાદિત સમય હતો. પ્રતિભાશાળી શિલ્પકારની પસંદગી, ડિઝાઇનને અંતિમ સ્વરૂપ આપવું, પ્રતિમાનું નિર્માણ, ભારતથી એટલાન્ટા સુધી પરિવહન અને સ્થાપનાની તૈયારી — આ તમામ કામગીરી માટે ટીમ પાસે માત્ર આશરે છ અઠવાડિયાનો સમય હતો.

ડૉ. વાસુદેવ પટેલના નેતૃત્વ હેઠળ ફોગા યુએસએ ની ટીમે ત્રણ અલગ-અલગ કલાકારો અને સ્ટુડિયોની કામગીરીનું મૂલ્યાંકન કર્યા બાદ નવી દિલ્હી નજીકના જાણીતા શિલ્પકાર શ્રી નરેશ કુમાવતની પસંદગી કરી હતી.

ડિઝાઇનને અંતિમ સ્વરૂપ આપવા માટે ફોગા યુએસએ ની ટીમ અને શિલ્પકાર વચ્ચે સતત ચિત્રો, ફોટોગ્રાફ્સ, ડિઝાઇનની વિગતો અને જરૂરી સુધારાઓ અંગે ચર્ચા અને આપ-લે કરવામાં આવી હતી. પ્રતિમામાં સરદાર વલ્લભભાઈ પટેલનું વ્યક્તિત્વ, ગૌરવ, નેતૃત્વ અને ઐતિહાસિક વારસો યોગ્ય રીતે પ્રતિબિંબિત થાય તે માટે વિશેષ કાળજી લેવામાં આવી હતી.

ડિઝાઇનને અંતિમ સ્વરૂપ મળ્યું ત્યારે પ્રતિમાનું નિર્માણ અને શિપમેન્ટ પૂર્ણ કરવા માટે માત્ર આશરે બે અઠવાડિયાં બાકી હતાં. આટલી ટૂંકી સમયમર્યાદા હોવા છતાં શિલ્પકાર અને તેમની ટીમે અદભુત સમર્પણ અને મહેનતથી સમયસર કામગીરી પૂર્ણ કરી હતી.

અસાધારણ પરિવહન અને સ્થાપનાની કામગીરી

તૈયાર થયેલી પ્રતિમાનું વજન આશરે ૭૨૦ પાઉન્ડ હતું. પ્રતિમા મુખ્યત્વે તાંબા અને પિત્તળમાંથી બનાવવામાં આવી હતી, જ્યારે તેની મજબૂતી, સ્થિરતા અને લાંબા ગાળાની ટકાઉપણું જળવાઈ રહે તે માટે અન્ય ધાતુઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને ફોગા યુએસએ એ ભારતથી એટલાન્ટા સુધી પ્રતિમાના રાતોરાત હવાઈ પરિવહનની વિશેષ વ્યવસ્થા કરી હતી. સામાન્ય કાર્ગો પરિવહનની સરખામણીમાં આ વ્યવસ્થા ઘણી ખર્ચાળ હતી, પરંતુ ૩૧ ઓક્ટોબરના અનાવરણ કાર્યક્રમ પહેલાં પ્રતિમા સમયસર પહોંચે તે માટે આ જરૂરી હતું.

કોન્સ્યુલેટના પ્રાંગણમાં પ્રતિમાની સ્થાપના માટે પણ વિશેષ આયોજન અને સંકલનની જરૂર પડી હતી.

ફોગા યુએસએ આ પ્રસંગે આર્કિટેક્ટ અને મિત્ર શ્રી જયંતભાઈનો વિશેષ આભાર માને છે, જેમણે પ્રતિમાના પેડેસ્ટલ (ચબૂતરા)ની ડિઝાઇન તૈયાર કરી હતી. તેમજ શ્રી કૃષ્ણા પાલીવાલ અને તેમની કન્સ્ટ્રક્શન ટીમે પેડેસ્ટલ તથા સંબંધિત બાંધકામની કામગીરી જવાબદારીપૂર્વક પૂર્ણ કરી હતી.

આ તમામ વ્યક્તિઓની નિષ્ઠા, સહકાર અને સમર્પણના પરિણામે આ ઐતિહાસિક વિચારને કાયમી સ્મારકનું સ્વરૂપ આપી શકાયું.

રાજદ્વારી સહયોગ અને સામુદાયિક ભાગીદારી

ફોગા યુએસએ

આભાર - નિહારીકા રવિયા એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલનો સમગ્ર પ્રોજેક્ટ દરમિયાન મળેલા અમૂલ્ય સહયોગ, પ્રોત્સાહન અને માર્ગદર્શન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. ખાસ કરીને પેડેસ્ટલ સંબંધિત ખર્ચના એક ભાગ માટે સહાયરૂપ થવાની કોન્સ્યુલેટની ઉદાર ભાવનાની પણ ફોગા યુએસએ પ્રશંસા કરે છે. આ સહયોગી અભિગમે ઐતિહાસિક પ્રોજેક્ટને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ફોગા યુએસએકોન્સ્યુલ જનરલ ડૉ. સુમિત સેઠ, હેડ ઓફ ચાન્સરી શ્રીમતી નિશા અરોરા, ડેપ્યુટી કોન્સ્યુલ જનરલ શ્રી શ્રીજન શાંડિલ્ય, શ્રીમતી મીની નાયર, શ્રી શિવમ સિંહ તથા સમગ્ર કોન્સ્યુલેટ ટીમનો વિશેષ આભાર માને છે. આ તમામ અધિકારીઓએ પ્રોજેક્ટના દરેક તબક્કે અમૂલ્ય સહયોગ, માર્ગદર્શન અને મદદ પૂરી પાડી હતી.

કોન્સ્યુલેટના સહયોગ ઉપરાંત ફોગા યુએસએના નેતૃત્વ, અસંખ્ય સ્વયંસેવકો, સહયોગીઓ, દાતાઓ અને સમાજના શુભેચ્છકોના યોગદાનથી જ આ મહત્ત્વપૂર્ણ કાર્ય શક્ય બન્યું હતું.

પ્રાદેશિક ઓળખથી પરે એક રાષ્ટ્રીય શ્રદ્ધાંજલિ

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ગુજરાતમાં થયો હતો, પરંતુ તેમનો વારસો અને યોગદાન સમગ્ર ભારતનું ગૌરવ છે. તેઓ માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ સમગ્ર દેશના મહાન રાષ્ટ્રનેતા હતા. તેમની દૂરંદેશી, સાહસ, શિસ્ત અને રાષ્ટ્રીય એકતાની પ્રતિબદ્ધતાએ આધુનિક ભારતના પાયાને મજબૂત બનાવ્યો હતો.

તેમનું જીવન આપણને શીખવે છે કે એકતા માત્ર એક આદર્શ કે સૂત્ર નથી, પરંતુ તેને સામૂહિક કાર્ય અને જવાબદારી દ્વારા જીવનમાં ઉતારવી જરૂરી છે.

અમેરિકામાં વસતા ગુજરાતી ડાયસ્પોરા માટે આ પ્રતિમા આપણા મૂળ, સંસ્કૃતિ, વારસો અને આપણે જ્યાં રહીએ છીએ તે સમાજ પ્રત્યેની આપણી જવાબદારીનું ગૌરવપૂર્ણ પ્રતીક બની રહેશે.

ફોગા યુએસએમાને છે કે સરદાર પટેલની આ પ્રતિમા આવનારી પેઢીઓ માટે ભારતની એકતા, સંસ્કૃતિ, વારસો અને રાષ્ટ્રીય ગૌરવનું કાયમી પ્રતીક બની રહેશે.

ફોગા યુએસએ: એક અવાજ, એક મંચ — સંગઠિત રહીશું તો શક્તિશાળી બનીશું

ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન્સ ઓફ (ફોગા યુએસએ) એ અમેરિકાભરમાં ૧૧૦ થી વધુ ગુજરાતી સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને અન્ય સંસ્થાઓને એક સામાન્ય મંચ પર જોડતું રાષ્ટ્રીય સંગઠન છે.

ગુજરાતી સમાજને એક મંચ પર લાવવો, ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને વારસાનું જતન કરવું, યુવાનો અને મહિલાઓની ભાગીદારી વધારવી, સામાજિક સેવાકાર્યોને પ્રોત્સાહન આપવું, વ્યવસાય અને શિક્ષણ ક્ષેત્રે જોડાણ મજબૂત બનાવવું તથા ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવું એ ફોગા યુએસએના મુખ્ય ઉદ્દેશો છે.

સરદાર પટેલની આ ઐતિહાસિક પહેલ ની સ્થાપનાના મૂળભૂત સિદ્ધાંતો — એકતા, સામૂહિક નેતૃત્વ, સહકાર અને વ્યક્તિગત પ્રતિષ્ઠાથી ઉપર ઊઠીને સમાજસેવા —નું જીવંત ઉદાહરણ છે.

સામૂહિક સિદ્ધિ: નેતૃત્વ, ટીમવર્ક અને એકતા ફોગા યુએસએ ના પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલે આ ઐતિહાસિક પહેલને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે:

"આ પહેલની શરૂઆત સરદાર વલ્લભભાઈ પટેલને આંતરરાષ્ટ્રીય મંચ પર યોગ્ય સન્માન અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના એક વિચારથી થઈ હતી. અમારા ફોગાયુએસએ ના એક્ઝિક્યુટિવ કમિટી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, જ્યોર્જિયા ટીમ, રાષ્ટ્રીય નેતૃત્વ, સ્વયંસેવકો અને તમામ સહયોગીઓનો હું હૃદયપૂર્વક આભારી છું, જેમણે આ વિચારમાં વિશ્વાસ મૂક્યો અને તેને સાકાર કરવા માટે ખભેખભો મિલાવીને કામ કર્યું.

આ વિચારની શરૂઆત કદાચ મેં કરી હતી, પરંતુ તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવાનું શ્રેય અમારી સમગ્ર ટીમની સામૂહિક પ્રતિબદ્ધતા, સમર્પણ અને અથાક મહેનતને જાય છે. ખાસ કરીને મારી જ્યોર્જિયા સ્થિત ફોગા યુએસએટીમે આ પડકારજનક સફરમાં મારી સાથે રહીને જે રીતે સતત કામ કર્યું છે તે બદલ હું તેમનો વિશેષ આભારી છું.

એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલનો પણ તેમના અમૂલ્ય સહયોગ અને સમર્થન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ જ છે ફોગા યુએસએની સાચી ભાવના — એક અવાજ, એક મંચ અને એકતા."

ર્લ્દ્ધછેંજીછ શિલ્પકાર, ડિઝાઇનર્સ, બાંધકામ ટીમ, કોન્સ્યુલેટના અધિકારીઓ, રાષ્ટ્રીય નેતૃત્વ, એક્ઝિક્યુટિવ સભ્યો, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સ્વયંસેવકો, દાતાઓ, સામાજિક સંસ્થાઓ, મિત્રો અને તમામ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે, જેમણે પોતાનો સમય, સંસાધનો અને મહેનત દ્વારા આ ઐતિહાસિક કાર્યમાં યોગદાન આપ્યું છે.

આજે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલના મુખ્ય પ્રાંગણમાં ગૌરવપૂર્વક ઊભી છે. તે ભારતના મહાન રાષ્ટ્રનેતાને કાયમી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે અને આવનારી પેઢીઓને સતત યાદ અપાવશે કે એકતા જ આપણી સૌથી મોટી શક્તિ છે.

ફોગા યુએસએ — એક અવાજ, એક મંચ. સંગઠિત રહીશું તો શક્તિશાળી બનીશું.

મીડિયા સંપર્ક:

ડૉ. વાસુદેવ પટેલ

પ્રમુખ ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન્સ ઓફ યુએસએ (ફોગા યુએસએ)

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOGSS — 209
વિષય — દિવાળી પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો.
પ્રકાર — પદ્ય
શીર્ષક— જ્ઞાનનાં દીપક પ્રગટાવો
શબ્દો — ૧૭૦

જ્ઞાનનાં દીપક પ્રગટાવો

દિવાળી પ્રકાશનું પર્વ,આપણી સંસ્કૃતિ;
કુટુંબીજનો ભેગા મળીને,ઉજવે દિવાળી.

દીપકનું પર્વ,તમસને હટાવતી દિવાળી;
જ્ઞાનનાં દીપ પ્રગટાવી,તમસને દો હટાવી

દીપકનો સંદેશ,ખુદને જલાવી અજવાળાં પાથરો;
ઘરઘર દીપક પ્રગટે,જીવનમાં ઉજાસ લાવે.
ગરીબ તવંગર દીપક ના કોઈ ભેદ રાખે;
શીખ જીવનની આપી,રસ્તો દીપ બતાવે.

વારસો આપણો અદ્ભુત,પ્રકાશનું છે પર્વ;
આપતાં શીખો,જીવન બનશે અમૂલ્ય પર્વ

વહેંચીને ખાઓ,જીવન તમારું બને ધન્ય
દીપક સમજાવે આ જીવનનું એક રહસ્ય

'સ્વધા'રામનું બલિદાન,જીવનનું સત્ય;
જ્ઞાનનાં દીપક કરો,જીવનને કરો સફળ.

સુધા જે. પુરોહિત સ્વધા હોનોલુલૂ અમેરિકા
★★★★★★★
NOG ss No. 213.
વિષય :- પ્રકાશ પર્વ દિવાળી
શીર્ષક :- ટમટમ તારક ટોળું
પ્રકાર :- હરિગીત છંદ.

સંધ્યા ખીલી સોનલ વર્ણી, રંગ ભરી આ સાંજ છે,
હર ગલી હર આંગણ દીસે છે, દીપ જ્યોતિ ટમટમે.

દીપમાળા શોભી રહી જ્યાં, દેવ મંદિર શોભતા.
બંધ દ્વારે લક્ષ્મી આવી, તે ડોરબેલ વગાડતા.

ધનવંતરીની ધન્ય ધરા છે, સુખ સંપતિ આપતા,
કમળ જેવા લક્ષ્મી પગલાં, પગથી પર તે શોભતા.

અંધ તિમિર ઓગળે અહીં, જેમ તડકે હિમ જાય છે,
લક્ષ્મી આવે હંસ ગતિએ, કંકુ પગલાં પાડતા.

ટમટમ તારક ટોળું જાણે, ગગન પરથી ઉતર્યું,
દ્વેષ કલેષ ભૂલી આજે, સૌના દિલ ઉજાળતા.

દીવડે દીવડો પ્રેમ ધરી, જ્યોતિ રૂપ બંધાય છે,
ખિલખિલાટ હાસ્ય ગુંજે, ગલી ગલી મલકાય છે.

મીઠી મીઠાઈ પ્રેમની, તે સંબંધો મીઠાં કરે,
'સ્વજન' કવિ પ્રેમે આપે, નૂતન વર્ષ વધામણા.

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા 'સ્વજન' (જુનાગઢ)
★★★★★★★
NOG SS No 195
વિષય : પ્રકાશ નું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ પ્રકાશ પર્વ માં પરિવાર
પ્રકારઃપદ્ય
શબ્દોઃ ૮૧

મારા માટે તો આ રહ્યા એ જ છે બહું સરસ,
તેજ મારા ધનતેરસ,દીવાળી ને બેસતુ વરસ.

તેમના થકી હું તે મારા થકી લાગે બહુ સરસ,
એકબીજાના સહારે રહીશુ દિન,માસને વરસ.

પ્રેમ પામ્યો પરિવારનો ધનની ના લાગી તરસ,
દિન વીત્યા, રાત વિતી, ને વિતી ગયું વરસ.

શરદ જેવો સ્નેહ એમનો,નયનમાં નેહ સરસ,
પાનખરનો લઈ પ્રેમ,વાટમાં વિતી ગયું વરસ.

રસોડુ એટલે રમા, દિવ્ય દિવાલોની ફરસ,
શ્રદ્ધા શોભે શ્યામ સરીખી ઉન્નતિ છે સરસ.

અવિનાશી ઊભા ઉંબરે "અમૃત" વરસે વરસ,
એજ મારી દિવાળી ને એજ છે બેસતુ વરસ.

અમૃત શ્રીમાળી (મહેસાણા)
★★★★★★★
NOG SS N0 : 413
વિષય : દીવાળી : પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષક : મહાપર્વ
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શબ્દ : ૧૨૦

સાત દિવસનો મહાપર્વ નામ એનું દિપોત્સવ,
ધન-ધાન્યને ખુશીઓથી રહે હર્યુ ભર્યુ આપનું જીવન,,
મંગલકામના આજના પાવન પર્વે.

એકાદશીમાં થઈએ ઓતપ્રોત એકમેકમાં,
વાક બારસે બોલીએ ને સાંભળીએ મીઠી વાણી.
ધનતેરસે આવે કુબેર ભંડારી ભરે ધન કોઠાર,
ચૌદશની કાળરાત્રીમા રહે આશિષ કાળિકામાતના.

અમાસે દિવાળી ને ઝળહળીયા દિપ આંગણે,
લટકે છાપરે આકાશ કંદિલ ઝગમગાવે સુની શેરીઓ.
રંગબેરંગી ભાતભાતના ફટાકડાની
રમઝટ માણે ટાબરિયા સંગ વડીલગણ.

વારો હતો નવવર્ષનો; ત્યાં આવી ધ્બક્યો પડતર દિન!!
ભૂતકાળ અને ભવિષ્યની વચ્ચેનો છું અનોખો દિવસ;;
શાને કરો ઘાઈ એટલી માણી લ્યો ઉત્સવનો
આ એક પડતર દિવસ.

આવ્યો દિન નવવર્ષનો; ઝાઝા કરી માનજો રામ રામ
નવવર્ષ ફળે આપને બારેમાસ.
હરખાઈ ભાઈ બહેન ભાઈબીજના દિ
વીરલો ઉતાવળીયો જાવા બહેનના ઘેર,
બત્રીસ ભોજનીયા બનાવે થાય ઘેલી
ઓવારણા લેવા બહેના વાટ જોવે ભાઈની.

...રીટા 'રીટ્ઝ' (મુંબઈ)
★★★★★★★
Nog Ss No.343
વિષય :- પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ- દિવ્ય દિવાળી પર્વ
પ્રકાર :- પધ
શબ્દો :- ૭૫

ધનતેરસની પૂજા મંગલ, લક્ષ્મીજીનો વાસ,
ધન-ધાન્ય ને આરોગ્યનો, ઘરમાં થાય પ્રકાશ.

કાળીચૌદશની કાળી રાતે, આસુરી શક્તિ હણાય,
કષ્ટ કાપીને હનુમાનજી, રક્ષા કરે સદાય.

દિવાળીનો દિવ્ય મહોત્સવ, ઝગમગ પ્રગટ્યા દીપ-પ્રકાશ,
ઉજ્જવળતા એની દૂર કરે, અંધકારનો આભ-આકાશ.

નૂતનવર્ષના શુભ પ્રભાતે, જન્મે નવી આકાંક્ષા,
"સાલમુબારક"ના સૂર સાથે, પૂરી થાય સર્વ આશા.

ભાઈબીજ પવિત્ર સ્નેહ ને,લાગણીનો તહેવાર,
બહેન જમાડે ભાઈને ભાવે, અમૃત જેવો આહાર.
'ચંદ્ર' પ્રકાશ પણ ઝાંખો લાગે, એવી રોશની અપરંપાર,
સુખ-સમૃદ્ધિથી છલકાવી દે, દિવાળી સમગ્ર સંસાર.
'ચંદ્ર'કાન્ત હરિલાલ માઢક (રાજકોટ)
★★★★★★★
NOG SS NO. 215
વિષય :- "પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો"
શીર્ષક :- "પ્રકાશનું પર્વ"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દ :-૭૦.

પ્રકાશનું પર્વ છે, ને છે વારસો સંસ્કૃતિનો,
જળહળે છે જ્યોત માહોલ છે ભક્તિનો.

મનનાં અંધારા દૂર કરે ને શુદ્ધ કરે વિચાર,
નયનમાં અમૃત ઘોળે કરે શક્તિનો સંચાર,

સમજ શક્તિ વધારે, નાશ કરે વિકૃતિનો,
પ્રકાશનું પર્વ છે, ને છે વારસો સંસ્કૃતિનો,

પાથરવા અંજવાળા, ખુદ સળગતી રહે,
દિપક બનીને પરંપરાની વાટ બળતી રહે,

અજ્ઞાનતા દૂર કરી મારગ બતાવે મુક્તિનો,
પ્રકાશનું પર્વ છે, ને છે વારસો સંસ્કૃતિનો.

શ્યામ ગોયાણી 'શ્યામ' શિવેન્દ્રનગર (હાલ સૂરત)
★★★★★★★
NOG SS NO - 191
વિષય : પ્રકાશનું પર્વ ને સાંસ્કૃતિક વારસો.
શીર્ષક : તો દિવાળી છે
પ્રકાર -પદ્ય શબ્દો ૧૦૩

હૃદયમાં વેદના ને વ્યથા ની હોળી છે,
બે બુંદ આંસુના વેચાય તો દિવાળી છે.

પુષ્પ તો અમારે પણ કરવા છે, અર્પણ !
આ ફૂલો ના હાર વેચાય તો દિવાળી છે.

આંખે ઝુલે છે આંસુ અધુરા અરમાન ના,
ટોડલીયા ને તોરણ વેચાય તો દિવાળી છે.

આ છોકરાઓ રડે ફટાકડા માટે જુવો,
જો બે ચાર માટલા વેચાય તો દિવાળી છે.

રંગ વેચીએ,પણ જીવનમાં કોઈ રંગ નથી,
આ રંગોળીના રંગ વેચાય તો દિવાળી છે.

દીપકો અમારે પણ પ્રગટવા છે આંગણે,
થોડા ઘણા દિવડા વેચાય તો દિવાળી છે.

"મિત્ર" ખિસ્સા ખાલી ને માથે તહેવાર છે,
આ લક્ષ્મી નો ફોટો વેચાય તો દિવાળી છે.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

ગુજરાતમાં કાળો જાદુ હવે ગુનોઃ કાયદો શું કહે છે,સજા કેટલી, ભુવા-તાંત્રિકોને ૭ વર્ષની જેલ!બચાવ કોને?(સંત સુરા)

ગુજરાતમાં વર્ષોથી ચાલતી એક કુરિવાજ સામે હવે કાયદાનો હથોડો પડ્યો છે. ભુવાના નામે, તાંત્રિકના નામે, બાવા-બાબાના નામે લોકોને છેતરવાની, ડરાવવાની, મારવાની પ્રથા સામે હવે કાયદો છે.

આ કાયદાનું ગુજરાતી ભાષામાં નામ છેઃ - ગુજરાત માનવ બલિ અને અન્ય અમાનુષી, દુષ્ટ અને અઘોરી પ્રથાઓ તથા કાળા જાદુના નિવારણ અને નાબૂદી અધિનિયમ, ૨૦૨૪.

કાયદાનો ઈતિહાસ

આ કાયદો અચાનક આવ્યો નથી. અખિલ ભારતીય અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ અને અન્ય સામાજિક સંસ્થાઓએ ગુજરાત હાઈકોર્ટમાં કરી હતી. તેમની દલીલ હતી કે આદિવાસી વિસ્તારોમાં, ગામડાઓમાં કાળા જાદુના નામે, માનવ બલિના નામે, ડાકણના નામે સ્ત્રીઓને હેરાન કરવામાં આવે છે, બાળકોના બલિ અપાય છે. હાઈકોર્ટમાં સરકારે જવાબ આપ્યો કે અમે કાયદો લાવીએ છીએ.

પરિણામે ૧૪ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ગુજરાત સરકારી ગેઝેટ ઈટંટ્ટિ ર્દ્ર. ૧૨,ઁછઈ ફ માં ધ્દ્ધટ્ટિર્ટ્ટિ ભૈઙ્ઘઙ્ઘ ર્દ્ર. ૧૨ક ૨૦૨૪ તરીકે વિધેયક પ્રસિદ્ધ થયું. ૨૧ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ વિધાનસભામાં પાસ થયું. રાજ્યપાલની મંજૂરી પછી ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ગુજરાત સરકારી ગેઝેટ ઈટંટ્ટિ ર્દ્ર. ૧૦,ઁછઈ ફ માં ધ્દ્ધટ્ટિર્ટ્ટિ છષ્ઠ ર્દ્ર. ૮ ક ૨૦૨૪ તરીકે પ્રસિદ્ધ થયું.

આ કાયદો મહારાષ્ટ્ર (૨૦૧૩) અને કર્ણાટક (૨૦૧૭) ના કાયદાની હરોળમાં છે. મહારાષ્ટ્રમાં ડૉ. નરેન્દ્ર દાભોલકરની હત્યા પછી કાયદો આવ્યો હતો. ગુજરાતમાં અને સામાજિક દબાણ પછી કાયદો આવ્યો.

કલમ ૧ - નામ, વિસ્તાર, અમલ

આ કાયદો સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડે છે. કલમ ૧(૩) મુજબ રાજ્ય સરકાર જાહેરનામાથી અમલની તારીખ નક્કી કરશે. એટલે ગેઝેટમાં પ્રસિદ્ધ થવું એટલે તરત અમલ નહીં, સરકાર અલગ જાહેરનામું બહાર પાડશે.

કલમ ૨ - વ્યાખ્યા - કાળો જાદુ એટલે શું?

કાયદા મુજબ કાળો જાદુ એટલે અલૌકિક કે જાદુઈ શક્તિના નામે, ચમત્કારના નામે લોકોને છેતરવા, ડરાવવા, નુકસાન પહોંચાડવા કરાતી કોઈપણ ક્રિયા.

આ વ્યાખ્યા ખૂબ જ મહત્વની છે. કાયદો જાદુને નહીં, છેતરપિંડીને ગુનો માને છે. તમે પૂજા કરો તો ગુનો નથી, પણ પૂજાના નામે પૈસા પડાવો તો ગુનો છે.

કલમ ૩ - પ્રતિબંધિત કૃત્યો - અનુસૂચિ

કાયદાની અનુસૂચિમાં ૧૨ પ્રકારના ગુના ગણાવ્યા છેઃ

૧. માનવ બલિઃ માનવ બલિ આપવી, તે માટે ઉશ્કેરવું, તૈયારી કરવી.
૨. ભૂત કાઢવુંઃ ભૂત-પ્રેત, ડાકણ કાઢવાના નામે માર મારવો, સાંકળથી બાંધવું, ગરમ સળિયાથી ડામવું, વાળ ખેંચવા, ભૂખ્યા રાખવા.
૩. ચમત્કારનો દાવોઃ પાણીમાંથી સોનું કાઢવું, હવામાંથી ભસ્મ કાઢવી, ખાલી હાથે સોનાની ચેઈન કાઢવી - આવા ચમત્કારના નામે છેતરવું.
૪. દાણા જોવાઃ દાણા જોવા, અંગારા જોવા, દોરા-ધાગા, તાવીજ-ગંડા કરીને રોગ મટાડવાનો દાવો કરવો.
૫. ધનવર્ષાઃ ગુપ્ત ધન બતાવવું, ધનનો વરસાદ કરાવવો, નોકરી-સંતાન માટે પૈસા પડાવવા.
૬. ડાકણઃ સ્ત્રીને ડાકણ કહીને હેરાન કરવી, તેનો બહિષ્કાર કરવો, ગામમાંથી કાઢવી.
૭. અઘોરી ક્રિયાઃ સ્મશાનમાં નગ્ન પૂજા, માંસ-મદિરાનું સેવન કરાવવું, અશ્લીલ ક્રિયા કરાવવી.
૮. અપહરણઃ બાળક કે મહિલાને બલિ માટે અપહરણ કરવું.
૯. પશુ બલિઃ પશુ બલિના નામે ક્રૂરતા આચરવી.
૧૦. રોગનો ઈલાજઃ કેન્સર, એઈડ્સ, વંધ્યત્વ જેવા રોગ મટાડવાના નામે તાવીજ આપવું, દવા બંધ કરાવવી.
૧૧. વશીકરણઃ વશીકરણ, મૂઠ મારવી, જાદુ-ટોણાના નામે ડરાવવું.
૧૨. પ્રચારઃ આ બધાનો પુસ્તક, પોસ્ટર, વીડિયો, સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરવો.

કલમ ૪ - ફરિયાદ કોણ કરી શકે?

પીડિત પોતે, તેના સગા-વહાલા, કે કોઈપણ જાગૃત નાગરિક ફરિયાદ કરી શકે છે. પોલીસે પણ સુઓ મોટો કાર્યવાહી કરવાની રહેશે. એટલે હવે કોઈએ ફરિયાદ ન કરી તો પોલીસ છટકી શકે નહીં.

કલમ ૫ અને ૬ - વિજિલન્સ ઓફિસર અને તપાસ

દરેક પોલીસ સ્ટેશન માટેઁ કે તેથી ઉપરના અધિકારીને વિજિલન્સ ઓફિસર તરીકે નિમવામાં આવશે. તપાસેઁ રેન્કથી નીચેના અધિકારી કરી શકશે નહીં. આ જોગવાઈ એટલા માટે છે કે નાનો કર્મચારી દબાણમાં આવીને કેસ બગાડે નહીં. વિજિલન્સ ઓફિસર પુરાવા, સાધનો, તાવીજ, પુસ્તકો જપ્ત કરી શકશે.

કલમ ૭ - સજા - સૌથી મહત્વની કલમ

- પ્રથમ ગુનોઃ ૬ મહિનાથી ૩ વર્ષ સુધીની કેદ અને રૂ. ૫,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધીનો દંડ
- વારંવાર ગુનોઃ ૫ વર્ષથી ૭ વર્ષ સુધીની કેદ અને રૂ. ૧,૦૦,૦૦૦ સુધીનો દંડ
- ગુનાનો પ્રકારઃ કોગ્નિઝેબલ અને બિન-જામીનપાત્ર. એટલે પોલીસ વોરંટ વગર ધરપકડ કરી શકે છે અને જામીન કોર્ટ જ આપી શકે છે.

આ સજા મ્દ્રજી ૨૦૨૩ની કલમો ઉપરાંતની છે. જો માનવ બલિમાં હત્યા થઈ હોય તો મ્દ્રજીની હત્યાની કલમ પણ લાગશે, જેની સજા આજીવન કેદ કે ફાંસી સુધીની છે.

કલમ ૮ - કોર્ટ

આ કેસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (ત્નસ્હ્લઝ) ચલાવશે. આ કેસ સેશન્સ કોર્ટમાં નહીં જાય, પણ ગંભીર ગુનામાં મ્દ્રજીની કલમો સાથે સેશન્સમાં જઈ શકે છે.

કલમ ૯ - સંસ્થાની જવાબદારી

જો કોઈ સંસ્થા, મંડળ, આશ્રમ દ્વારા ગુનો થાય તો તેના સંચાલક, ટ્રસ્ટી પણ જવાબદાર ગણાશે. એટલે આશ્રમના નામે ધંધો કરનાર છટકી શકશે નહીં.

કલમ ૧૦ - પ્રચાર પર પ્રતિબંધ

આવી પ્રથાઓની જાહેરાત કરવી, પોસ્ટર લગાવવા, યુટ્યુબ પર વીડિયો મૂકવા, વોટ્સએપ પર મેસેજ ફોરવર્ડ કરવા પણ ગુનો ગણાશે. આજે સોશિયલ મીડિયામાં ભુવાઓના વીડિયો વાયરલ થાય છે, તે પણ આ કલમ હેઠળ આવશે.

કલમ ૧૧ - નિયમો બનાવવાની સત્તા

ગૃહ વિભાગને નિયમો બનાવવાની સત્તા આપવામાં આવી છે. નિયમો બન્યા પછી વિજિલન્સ ઓફિસરની નિમણૂક, ફરિયાદની રીત, જાગૃતિ કાર્યક્રમની વિગતો સ્પષ્ટ થશે.

કલમ ૧૨ - મુક્તિ - ગેરસમજ દૂર કરો

આ કલમ સૌથી મહત્વની છે, કારણ કે લોકોમાં ગેરસમજ છે કે આ કાયદો ધર્મ વિરુદ્ધ છે.

કાયદો સ્પષ્ટ કહે છે - આ કાયદો સાચી ધાર્મિક પૂજા, વ્રત, ઉપવાસ, કીર્તન, યજ્ઞ, હવન, જ્યોતિષ, વાસ્તુ, આયુર્વેદ, ધાર્મિક વિધિને લાગુ પડતો નથી. મંદિરમાં પૂજા કરવી ગુનો નથી. ઘરમાં પાઠ કરવો ગુનો નથી. કથા કરવી ગુનો નથી.

ગુનો ત્યારે જ છે જ્યારે પૂજાના નામે છેતરપિંડી થાય, માર મારવામાં આવે, પૈસા પડાવવામાં આવે, સ્ત્રીને ડાકણ કહેવામાં આવે.

ફરિયાદ કેવી રીતે કરવી?

૧. નજીકના પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપો - કોણ, ક્યારે, ક્યાં, શું કર્યું, કેટલા પૈસા લીધા.
૨. પુરાવા રાખો - વીડિયો, ઓડિયો, રસીદ, વોટ્સએપ ચેટ.
૩. ફરિયાદમાં લખો - "ધ્દ્ધટ્ટિર્ટ્ટિ છષ્ઠ ર્દ્ર. ૮ક ૨૦૨૪, કલમ ૩ મુજબ કાર્યવાહી કરવા વિનંતી છે."
૪. પોલીસ ન સાંભળે તો જીઁ / ઢ્રજીઁ ને અરજી આપો, કે કોર્ટમાં પ્રાઈવેટ ફરિયાદ કરો.
૫. પીડિત મહિલા હોય તો મહિલા પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ થઈ શકે છે.

નિષ્કર્ષ - કાયદો છે, હવે અમલ જોઈએ

કાયદો પુસ્તકમાં છે, પણ ગામડામાં ભુવા હજુ ફરે છે. કાયદો ત્યારે જ સફળ થશે જ્યારે પોલીસ જાગૃત થશે, જ્યારે નાગરિક ફરિયાદ કરશે, જ્યારે મીડિયા આવા કિસ્સા ઉજાગર કરશે.

ધર્મને બચાવવો હોય તો અંધશ્રદ્ધાને દૂર કરવી પડશે. સાચી શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની લીટી આ કાયદાએ દોરી આપી છે. હવે તે લીટી પર ચાલવાનું કામ આપણું છે.

સાચી ભક્તિને કાયદાનો ડર નથી, ઢોંગીને જ ડર છે.!એક ગહન, ગુઢ અને રહસ્યમય અભ્યાસ મુજબ!
લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

મુંબઈ સ્થિત જાપાનના કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતોએ ઓનરરી કોન્સલ શ્રી મૂકેશ પટેલ સાથે ગુજરાતની સફળ ઉચ્ચ-સ્તરીય મુલાકાત કરી



મુંબઈ સ્થિત જાપાનના કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતોએ અમદાવાદ સ્થિત ગુજરાતના જાપાનના ઓનરરી કોન્સલ શ્રી મૂકેશ પટેલ સાથે ૩ અને ૪ નવેમ્બરના રોજ ગુજરાતની અત્યંત ફળદાયી બે દિવસીય સત્તાવાર મુલાકાત પૂર્ણ કરી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક સહયોગનો વિસ્તાર કરવો, સાંસ્કૃતિક અને પ્રજા વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવો તથા જાપાન અને ગુજરાત વચ્ચે મહત્વપૂર્ણ પાયાની સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) અને વેપાર ક્ષેત્રે ભાગીદારીને આગળ વધારવાનો હતો.

મુખ્ય મુલાકાતો અને મહત્વપૂર્ણ વિગતો

ગુજરાતના આદરણીય રાજ્યપાલશ્રી સાથે સૌજન્ય મુલાકાત

કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતો અને ઓનરરી કોન્સલ શ્રી મૂકેશ પટેલે ગુજરાતના આદરણીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે આર્થિક સહયોગ, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને લોકો વચ્ચેના સંબંધો વધારવા પર વિશેષ ભાર મુકીને જાપાન-ગુજરાતના બહુઆયામી સંબંધો અંગે અર્થપૂર્ણ ચર્ચા કરી હતી.

ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી સાથે ઉચ્ચ-સ્તરીય બેઠક

કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતો અને ઓનરરી કોન્સલ શ્રી મૂકેશ પટેલે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં રાજ્યમાં જાપાની રોકાણોના વધી રહેલા વ્યાપ, આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની તૈયારીઓ અને જાપાન-ભારત રાજદ્વારી સંબંધોની ૭૫મી ઐતિહાસિક વર્ષગાંઠની ઉજવણી માટેની પહેલોને સુસંગત બનાવવા અંગે ચર્ચા થઈ હતી.

ગુજરાતના મુખ્ય સચિવશ્રી સાથે વ્યૂહાત્મક વિચારવિમર્શ

કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતો અને ઓનરરી કોન્સલ શ્રી મૂકેશ પટેલે ગુજરાતના મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસ સાથે મુલાકાત કરી હતી. આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પહેલાં, બંને પક્ષોએ દ્વિપક્ષીય આર્થિક સંબંધોની સમીક્ષા કરી હતી અને વ્યૂહાત્મક સહયોગ માટેના વધુ માર્ગોની શોધ કરી હતી.

જનરલ મેનેજર શ્રી સંજીવ મહેતા સાથે ગુજરાત મેટ્રોની મુસાફરીનો અનુભવ

કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતો અને ઓનરરી કોન્સલ શ્રી મૂકેશ પટેલે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના જનરલ મેનેજર શ્રી સંજીવ મહેતાની ઉપસ્થિતિમાં ગુજરાત મેટ્રોમાં મુસાફરીનો અનુભવ લીધો હતો. શ્રી સાતોએ મેટ્રોપોલિટન વિસ્તારમાં શહેરી પરિવહન કામગીરી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધોરણો અને ટ્રાન્ઝિટ કનેક્ટિવિટીનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો.

ધોલેરા એસઆઈઆર અને સેમિકન્ડક્ટર ફેબ પ્લાન્ટની સ્થળ મુલાકાત

કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતોએ ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન (એસઆઈઆર)ની મુલાકાત લીધી હતી. ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (ડીઆઈસીડીએલ) અને ટાટા ઈલેક્ટ્રોનિક્સના અધિકારીઓએ કોન્સલ-જનરલને સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન સુવિધા અને તેની સાથે સંકળાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિ વિશે માહિતગાર કર્યા હતા.

ગુજરાતના આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે વાર્તાલાપ

કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતો અને ઓનરરી કોન્સલ શ્રી મૂકેશ પટેલે ગુજરાતના આદરણીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન ગુજરાત-જાપાન સંબંધોને વધુ ગાઢ બનાવવા માટેની પરસ્પર પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. આ ચર્ચામાં શ્રી સંઘવીની તાજેતરની જાપાન મુલાકાતના અનુભવો અને ભવિષ્યના સહયોગ માટેના મુખ્ય ક્ષેત્રો વિશે વાતચીત થઈ હતી.

"અમદાવાદમાં કોન્સલ-જનરલ શ્રી હિતોમી સાતોનું આતિથ્ય કરવાનો મોકો મળવો એ ખૂબ જ ગૌરવની વાત છે. ગુજરાત ઔદ્યોગિક નવીનતા, શિક્ષણ અને સાંસ્કૃતિક વિચારસરણી ક્ષેત્રે જાપાન સાથે ઊંડો અને મજબૂત સંબંધ ધરાવે છે. આ મુલાકાત પ્રાદેશિક સંબંધોને મજબૂત કરવાના, 'કાઈઝન' સિધ્ધાંતોને પ્રોત્સાહિત કરવા અને દ્વિપક્ષીય સદ્ભાવનાને વધુ ગાઢ બનાવવાના આપણા વિઝનને વધુ બળ આપે છે." — શ્રી મૂકેશ પટેલ, અમદાવાદ સ્થિત ગુજરાતના જાપાનના ઓનરરી કોન્સલ

વધુ વિગતો માટે કૃપા કરીને ૯૮૨૫૯૦૬૦૬૦ પર સંપર્ક કરો.

ફોટો કેપ્શનઃ
૧. ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી સાથે મુલાકાત
૨. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી સાથે ઉચ્ચ સ્તરીય બેઠક
૩. ગુજરાતના મુખ્ય સચિવ શ્રી સાથે વ્યૂહાત્મક વિચાર-વિમર્શ
૪. જી.એમ. સંજીવ મહેતા સાથે ગુજરાત મેટ્રોની સફરનો અનુભવ
૫. ધોલેરા જીંઈ અને સેમિકન્ડક્ટર ફેબ પ્લાન્ટની સ્થળ મુલાકાત (૨)
૬. ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી સાથે સંવાદ / મુલાકાત

વિરેન્દ્રભાઈ ખાચરની પ્રદેશ કિસાન મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય તરીકે પસંદગી

ભાજપના કમલમ, ગાંધીનગર ખાતેથી મહત્વપૂર્ણ જવાબદારી સોંપાતા શુભેચ્છકોમાં આનંદની લાગણી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના પ્રદેશ કાર્યાલય કમલમ, ગાંધીનગર ખાતેથી ભાઈશ્રી વિરેન્દ્રભાઈ ખાચરની ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય તરીકે પસંદગી કરવામાં આવતા તેમને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

પક્ષ દ્વારા સોંપવામાં આવેલી આ મહત્વપૂર્ણ જવાબદારી બદલ વિરેન્દ્રભાઈ ખાચરનું વિવિધ આગેવાનો અને શુભેચ્છકો દ્વારા અભિનંદન કરવામાં આવી રહ્યું છે. તેમની આ નિમણૂકથી ખેડૂત સમાજના પ્રશ્નો, ખેતીના વિકાસ અને કિસાન મોરચાના સંગઠનાત્મક કાર્યોને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ નિમણૂક બદલ વિરેન્દ્રભાઈ ખાચરે ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજી, સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી શ્રી અનિરુદ્ધભાઈ દવે, કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી હિરેનભાઈ હિરપરાજી, કિસાન મોરચાના પ્રદેશ પ્રભારી શ્રી ભરતભાઈ પંડ્યા, બોટાદ જિલ્લા ભાજપના પ્રભારી શ્રી દશરથજી ઠાકોર, બોટાદ જિલ્લા ભાજપના અધ્યક્ષ શ્રી મયુરભાઈ પટેલ તેમજ પ્રદેશ અને જિલ્લા ભાજપના તમામ આગેવાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



તેમણે પક્ષ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારી નિષ્ઠા, પ્રમાણિકતા અને સમર્પણભાવથી નિભાવી ખેડૂત સમાજના હિતમાં કાર્ય કરવા તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવાની લાગણી વ્યક્ત કરી હતી.

વિરેન્દ્રભાઈ ખાચર પોતાની નવી જવાબદારી સફળતાપૂર્વક નિભાવી ખેડૂત સમાજ અને સંગઠનની સેવા કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.



આજરોજ ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રી અને સંગઠન અને મહાનગરપાલિકાના હોદ્દેદારશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત લઈ દિવાળીની શુભકામનાઓ પાઠવી.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન સફળતા પૂર્વક પૂરું થયું,આશરે દોઢ ટન ઈ-વેસ્ટ એકત્રિત કરાયો

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને ઈલેક્ટ્રોનિક કચરાના યોગ્ય નિકાલ અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન ★ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જી.પી.સી.બી.), પ્રાદેશિક કચેરી, ગાંધીનગર, ગાંધીનગર મહાનગરપાલિકા તથા ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ પ્રા. લિ.★ના સહયોગથી તારીખ ૨૭ ઓક્ટોબર થી ૫ નવેમ્બર દરમિયાન ચલાવવામાં આવ્યું હતું.

અભિયાન અંતર્ગત નાગરિકોને ઘરમાં પડેલા બિનઉપયોગી ઈલેક્ટ્રોનિક સાધનો જેવા કે જૂના ટીવી, ટેપ રેકોર્ડર, ફેક્સ મશીન, મોબાઈલ, કોમ્પ્યુટર, પ્રિન્ટર, એસી, સ્પીકર વગેરેનો યોગ્ય નિકાલ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઈલેક્ટ્રોનિક કચરામાં રહેલા હાનિકારક તત્ત્વો પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આવા કચરાનો સરકાર માન્ય એજન્સી મારફતે વૈજ્ઞાનિક પદ્ધતિથી સુરક્ષિત નિકાલ કરવામાં આવે છે. સાથે જ નાગરિકોને એકત્રિત કરેલા ઈ-વેસ્ટના બદલામાં કંપનીના ધારાધોરણ મુજબ યોગ્ય વળતર પણ આપવામાં આવે છે.આ વર્ષના અભિયાનમાં ગાંધીનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ તેમજ પર્યાવરણપ્રેમી નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌના સહિયારા પ્રયાસોથી આશરે એક થી દોઢ ટન જેટલો ઈ-વેસ્ટ એકત્રિત કરવામાં આવ્યો હતો, જે અભિયાનની નોંધપાત્ર સફળતા દર્શાવે છે.



આ અભિયાન અંતર્ગત ઈ-વેસ્ટ કલેક્શન વાનનું ફ્લેગ ઓફ માનનીય શ્રીમતી રીટાબેન પટેલ, ધારાસભ્યશ્રી, ગાંધીનગર; શ્રી મહેન્દ્રભાઈ પટેલ, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી, ગાંધીનગર મહાનગરપાલિકા; શ્રીમતી હેમાબેન ભટ્ટ, કોર્પોરેટર, વોર્ડ નં. ૫, ગાંધીનગર મહાનગરપાલિકા તથા શ્રીમતી ધ્વનિબેન શાહ, કોર્પોરેટર, વોર્ડ નં. ૫, ગાંધીનગર મહાનગરપાલિકાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર અભિયાનને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના શ્રી હાર્દિક મકવાણા, શ્રી શિવાંગ પટેલ, શ્રી હાર્દિક ભટ્ટ તથા ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ કંપનીના સંયોજકો શ્રી સચીનભાઈ પરમારે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત આ અભિયાન ઈ-વેસ્ટના યોગ્ય વ્યવસ્થાપન, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિકોમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ અને સફળ પહેલ સાબિત થયું છે.



Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat